**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

વિષય : એલએલ.બી. સેમ.-૬ માં Clinical Paper વિષયમાં વાઇવાનું આયોજન કરવા બાબત.

યુનિવર્સિટી સંલગ્ન કાયદા વિદ્યાશાખાની કોલેજના આચાર્યશ્રી/વડાઓને ઉપરોક્ત વિષયે જણાવવાનું કે **એલએલ.બી. સેમ.-૬** માં **Clinical Paper** વિષયમાં વાઇવાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. Covid-19 ની પરિસ્થિતિને ધ્યાને લઇ માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં વાઇવા માટેના જર્નલ વિદ્યાર્થીઓ પાસેથી મંગાવીને કોલેજે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે. વિદ્યાર્થીઓએ આ જર્નલ કોલેજમાં **તારીખ-૨૩/૦૬/૨૦૨૧** સુધીમાં જમા કરાવવાના રહેશે તેમજ આ અંગેની વિદ્યાર્થીઓને જાણ કોલેજ દ્વારા કરવાની રહેશે.

ત્યારબાદ યુનિવર્સિટી કક્ષાએથી ઓનલાઇન વાઇવાનું કોલેજ પ્રમાણે ટાઇમટેબલ જાહેર કરવામાં આવશે. જેમાં યુનિવર્સિટી દ્વારા નિમવામાં આવેલ પરિક્ષક આપની કોલેજે આવીને ઓનલાઇન માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓના વાઇવા લેશે, તેમજ તે અંગેની તમામ વ્યવસ્થા કોલેજ કક્ષાએથી કરવાની રહેશે જેમ કે, વિદ્યાર્થીઓને ટાઇમટેબલ અંગે માહિતગાર કરવા, વિદ્યાર્થીઓને ઓનલાઇન વાઇવામાં જોડવા અંગેની વ્યવસ્થા વિગેરે.

એલએલ.બી. સેમ.-૬ માં **ઇન્ટર્નલ(થીયરી તેમજ પ્રાયોગિક) માર્કસની** ઓનલાઇન એન્ટ્રી કરવાની તારીખ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવે ત્યારે એન્ટ્રી કરવાની રહેશે જેની તમામે નોંધ લેવી.

**ખાસ નોંધ :-**
**કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત Covid-19 ગાઇડલાઇનને અનુલક્ષીને ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે તેમજ કોલેજમાં વિદ્યાર્થીઓ એકસાથે સમુહમાં ભેગા ન થાય તેની દેખરેખ તેમજ તકેદારી રાખવાની સંપુર્ણ જવાબદારી જે-તે કોલેજના આચાર્યશ્રીની રહેશે જેની ગંભીરતાપુર્વક નોંધ લેવી.**

AHBapodra
OSD
પરીક્ષા વિભાગ

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૯૭૧/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૧૬/૦૬/૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન કાયદા વિદ્યાશાખાની કોલેજના આચાર્યશ્રી/વડાઓ તરફ...

**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)